

# વિષય : વર્ગખંડમાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

**મનિષાબેન જે. જાદવ**
(મ. શિ. મા.વિભાગ)

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** મારો જે સંશોધનનો વિષય છે વર્ગખંડમાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓ વર્તમાન સમયમાં શિક્ષણ પધ્ધતિ બદલાઇ છે અને વિદ્યાર્થીઓ પણ કંઇક નવા જનરેશનના છે જેમની પાસે શીખવા માટે અનેક માધ્યમો છે માધ્યમોની વાત કરું તો મોબાઇલ, ટી.વી જેવા ઉપકરણોની આસપાસ રહીને આજનો વિદ્યાર્થી જ્યારે શાળાના વર્ગખંડમાં આવે છે ત્યારે એની સામે જે શિક્ષક આવી ને ઉભા રહે છે એ શિક્ષક વર્ગખંડની ૩૦ કે ૪૦ મિનિટ એ મૈખિક ઓરલ બોલીને પોતાના શિક્ષણના પાઠોને વ્યાખ્યાન રૂપે આપે છે એ સમયે વિદ્યાર્થીઓની રસરૂચિ, માનસિક સ્થિતિ, સ્વભાવ અને તરુણાવસ્થાની અવસ્થામાંથી પસાર થઇ રહ્યો છે. આથી એ વર્ગના અધ્યયન પર ધ્યાન આપવાને બદલે અન્ય શિક્ષણ વિરોધી પ્રવૃતિ પર ધ્યાન કેન્દ્રીત કરી તેને શિક્ષક માટે મુશ્કેલીઓ ઉભી કરી છે.

❖ **વિષયની પસંદગી શા માટે કરી? કેવી રીતે? :**

**સામાન્યત :** વ્યકિતના પોતાના કાર્યક્ષેત્રમાં કોઇ મુશ્કેલી પડતી હોય એ વસ્તુ એ કર્મચારી કે શિક્ષક માટે માથાનો દુખાવો બની રહેતો હોય તો મારા પોતાના કાર્યક્ષેત્રમાં પણ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ તરફથી કેટલીક હરકતો થતી રહે છે અને મારા અન્ય શિક્ષક મિત્રો પણ વારે વારે આ ફરિયાદો કરતા રહે છે કે વિદ્યાર્થી વર્ગમાં સીધા બેસતા નથી,લેશન લાવતા નથી. આ મારી સાથે આવી ઘટનાઓ થતી અને સાથે અન્ય શિક્ષકમિત્રોની સાથે પણ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા આવી સમસ્યા આવતી રહે છે આથી મનમાં આ વિચાર સ્ફૂર્યો એટલે ઇચ્છા થઇ કે આ મુશ્કેલીઓનું નિવારણ કરવા માટે આ વિષયમાં કઇ કામ કરીએ એ માટે જો મારી શાળા તેમજ અન્ય શાળામા કેટલાક શિક્ષકોની પાસે એમને વર્ગખંડમાં અધ્યયન દરમ્યાન જે મુશ્કેલીઓ પડે છે એ મુશ્કેલીઓની લેખિત રજૂઆત લઇ તેનું એકત્રીકરણ કર્યુ અને એમના દ્વારા જે સમસ્યાઓ અને નિરાકરણ માટેના ઉપાયો પણ બતાવ્યા.

❖ **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે? :** વિવિધ વિષયના શિક્ષકોને પડતી મુશ્કેલીઓના અભિપ્રાય લીધા (ધોરણ – ૯ નો વર્ગખંડ) શાળાના શિક્ષકોનો અભિપ્રાય.

❖ **સંશોધન માટે કઇ પધ્ધતિનો ઉપયોગ કર્યો :** ધો.૯/અ ના વિદ્યાર્થીઓ પર શાળાના શિક્ષકોના અભિપ્રાય પેપરમાં લેખિત સ્વરૂપે લીધા.

❖ **સંશોધન પ્રકિયા કેવી રીતે કરી? પ્રકિયાનું વર્ણન :** સૌ પ્રથમ શાળાના શિક્ષકોઓ ધો - ૯ અ/બ વિદ્યાર્થીઓ સાથે વર્ગખંડમાં પડતી મુશ્કેલીઓનું એકત્રીકરણ કર્યુ. ત્યારબાદ વર્ગમાં અલગ–અલગ પધ્ધતિ અને ટેકનીક દ્વારા અધ્યયન કરાવવાનો પ્રાસસ. વર્ગ ઓબ્ઝવેર્શન, સૌથી મુશ્કેલી પડતી સમસ્યા. મુશ્કેલીના નિવારણ માટે નાની – નાની યુકિતઓ અજમાવી જેમ કે

૧. શિસ્ત માટે ચોકકસ નિયમ નકકી કરવા.
૨. ઓડીયો વિડીયો સાધનોનો ઉપયોગ.
૩. ગૃપવર્ક અને સહભાગી પ્રવૃતિઓ કરાવવી.
૪. યુકિતઓના અમલ પછી ફરીથી વર્ગખંડનું નિરીક્ષણ.

❖ **કસોટી દ્વારા ચકાસણી :** વિદ્યાર્થીઓના ગૃપ બનાવવા,વિવિધ ગૃપોમાં વિદ્યાર્થીઓને ફાળવવા,જેમકે તોફાનીને શાંતની સાથે બેસાડવા, વર્ગમાં વાર્તા પધ્ધતિ અપનાવી અધ્યયન કરાવવું, ધમાલીયા વિદ્યાર્થીઓને વર્ગ ચર્ચામાં સામેલ રાખી વધારે પ્રશ્નોતરી કરવી.

❖ **માહિતીનું એકત્રીકરણ :** અભિપ્રાયોને આધારે વર્ગખંડમાં પડતી મુશ્કેલીઓ અને સમાધાન બાબતની વિચારણા માટે શિક્ષકો પાસેથી વિવિધ મુશ્કેલીઓના મુદ્દા લીધાં અને તેમને નડતી મુશ્કેલીઓ વિશે અરસ-પરસ ચર્ચા કરી. ધો. ૯ ના ૭૩ વિદ્યાર્થીઆએ શાળાના ૧૨ શિક્ષકોના અભિપ્રાયો લેખિત સ્વરૂપમાં રજૂ કર્યા.

❖ **માહિતી પૃથ્થકકરણનો હેતુ :** વિદ્યાર્થીઓને રસ પ્રદ વાતો કરવી માત્ર પુસ્તકનું જ્ઞાન ન આપતાં આપતાં તેમને રસ/રૂચી પડે તેવી બાબતો તરફ દોરી અભ્યાસ માં જોડવા.વાતો કરવી,ધમાલ-મસ્તી કરવી જેવી બાબતોમાંથી બહાર કાઢવા જવાબદારીવાળા કામ સોપવા.

❖ **પરિણામ :** વિદ્યાર્થી ધીમે ધીમે શિક્ષકના ભણાવવામાં રસ લેતો થશે. વર્ગમાં નાની નાની કવીઝ,રમતો રમાડી તેને અભ્યાસમાં રસ લતો કરવો જેનાથી તેને વર્ગનું વાતાવરણ ગમવા લાગશે અને તે વર્ગમાં શાંત બેસતા શીખશે. ધમાલ-મસ્તી કરતાં વિદ્યાર્થીને મોનીટર બનાવી તેને વર્ગનું નેતૃત્વ આપતાં તેનામાં જવાબદારીનો ગુણ કેળવાશે. ત્રણ અઠવાડિયા સુધી નવી પધ્ધતિઓ અજમાવવાથી ચોકકસ વર્ગનું વાતાવરણ બદલાશે.